॥ ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૯

અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ

સંવત ૨૦૬૭ કારતક સુદ-૫ જ્ઞાનપંચમી

પ.પૂ. જિનશાસનશણગાર ગીતાર્થ-જ્ઞાની પંચમહાવ્રતધારી ગુરૂ ભગવંતોના ચરણોમાં શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાની હાર્દિક વંદનાવલી અવધારશોજી.

હસ્તલેખન બાદ યાંત્રિક મુદ્રણકાળ આવ્યો. જેમાં ઘણા જ્ઞાની વિદ્વાન-ગુરૂભગવંતોએ હસ્તપ્રતો ઉપરથી સંશોધન-સંપાદન કરીને ગ્રંથો મુદ્રિત કરાવ્યા. આ યાદીમાં પ.પૂ.કર્મસાહિત્ય નિષ્ણાત પ્રેમસૂરીશ્વરજી, આગમોદ્ધારક આ.શ્રી આનંદસાગરસૂરિજી, વ્યાકરણાચાર્ય શ્રી લાવણ્યસૂરિજી, કાશીવાળા શ્રી ધર્મસૂરિજી, આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી, ઇતિહાસવેત્તા શ્રી કલ્યાણવિજયજી, શ્રી જિનવિજયજી અને શ્રી જયંતવિજયજી, આગમપ્રજ્ઞ શ્રી જંબૂવિજયજી જેવા અન્ય પણ અનેક ગુરૂભગવંતો અને શ્રાવકોમાં હીરાલાલ રસિકદાસ કાપડીયા, મોહનલાલ દલીચંદ દેસાઇ, અગરચંદ નાહટા અને એવા અન્ય પણ વિદ્વાનોનો સમાવેશ કરી શકાય. જેઓએ ઊંડી લગન અને શ્રુતભક્તિથી પ્રેરાઇને વર્તમાન જૈન સંઘ પર મહાન ઉપકાર કર્યો છે.

આવા વિદ્વાનોએ સંશોધન-સંપાદન કરી હસ્તલિપિ (પ્રેસકોપી) કરેલ કેટલાય મહત્વના ગ્રંથો, ક્યાંક ટીપ્પણો, પાઠભેદો, ભાષાંતરણો, જરૂરી નોંધો હજી પણ અપ્રગટ હોવા પૂર્ણ સંભવ છે. આ બાબત ૨-૩ મુદ્દા વિચારણીય છે.

(૧) તેઓના કાળધર્મ બાદ અમૂલ્ય વારસો તેમના સમુદાયમાં, તેમની પ્રેરક સંસ્થાઓમાં અથવા ઇન્સ્ટીટ્યુટોમાં સચવાયેલો પડ્યો છે. તેને સુધારા વધારા સાથે ફરી પ્રકાશિત કરી તેઓના કાર્યનું યોગ્ય મૂલ્યાંકન કરવાનો આ અવસર છે. જરૂરી નથી કે અમુક જ સાધુ ભગવંત કે સમુદાય દ્વારા જ આ કાર્ય થાય. જે કોઇ સંશોધન-સંપાદનનિષ્ઠ હોય અને આવા ગ્રથોને પ્રકાશમાં લાવવાની ખેવનાવાળા હોય, તેઓને આવી પ્રેસ કોપીઓ કે અન્ય સામગ્રી કે જે હાલ જેઓના હસ્તક હોય તેઓએ વિશાલ હૃદયે-ઉદારતા પૂર્વક તે સામગ્રી પૂરી પાડવી જોઇએ. અને યોગ્ય સંશોધકોએ પણ આવા મહત્વના ગ્રંથો સંશોધન-સંપાદન પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

(૨) વળી, આવા વિદ્વાનો દ્વારા અલગ-અલગ સમયે તે કાળના માસિકોમાં સંશોધનપૂર્ણ લેખો લખાયેલા છે. પ્રકાશિત ગ્રંથોમાં ક્યાંક તેમની વિદ્વતાસભર પ્રસ્તાવનાઓ છપાયેલી છે. આ બધાનું સુંદર સંકલન કરીને પ્રકાશિત કરાય તો પણ ખૂબ મહત્વનું કાર્ય થાય.

(૩) એક વાત અત્યંત ચોક્કસ અને સ્પષ્ટ છે કે પૂર્વકાળ કરતા હાલ વધુ અને સારા એવા પ્રમાણમાં સંશોધન સામગ્રી ઉપલબ્ધ થાય છે. આજે સંશોધનરત ટેલેન્ટેડ મહાત્માઓ પણ શાસનમાં જોવાય છે. પ્રાચીન હસ્તપ્રતોના આધારે સંશોધન કરતા ક્યારેક વર્તમાન પ્રણાલિકા કરતા ભિન્ન પ્રકારની અને છતાં શાસ્ત્રશુદ્ધ વિગતો... પછી ભલે તે નીવીના કલ્પ્યાકલ્પ્ય બાબત હોય કે વિધિ-વિધાન, શિલ્પ બાબતની હોય.. તેના પર શ્રમણપ્રધાન શ્રી જૈન સંઘે ઉદારદ્રષ્ટિએ વિચારણા કરવી જોઇએ. વર્ષોથી જે કરીએ છીએ એમજ કરવું આવી માન્યતા પકડી રાખવા કરતા શાસ્ત્રદ્રષ્ટિએ જે વધુ શુદ્ધ જણાતું હોય અને જેને અપનાવવામાં અન્ય કોઇ બાધ ન હોય ત્યાં તેને સ્વીકારવાની પણ ખેલદિલી ચોક્કસ રાખવી જ જોઇએ એમ અમારૂં માનવું છે.

જિનશાસનની નિઃસ્વાર્થ સેવાભાવનાથી આરંભાયેલ આ કાર્યમાં અમારી ક્યાંય શરતચૂક થતી હોય તો અવશ્ય ધ્યાન દોરવા વિનંતિ.

લી. શાહ બાબુલાલ સરેમલ ના ચરણવંદન

## નવા પ્રકાશનો સંવત-૨૦૬૬ ઇ.સ.-૨૦૧૦

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા/ટીકા/સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | શ્રી આર્હત્ દર્શન દિપિકા | પૂ.જગતચંદ્રસૂરિજી | સં./ગુજ. | સુરેન્દ્રસૂરિજી તત્વજ્ઞાનશાળા |
| ૨ | મહાદેવ બત્રીસી | પૂ.શીલચંદ્રસૂરિજી | સં./ગુજ. | કલિ.હેમચંદ્ર-નવમશતાબ્દિ |
| ૩ | કૈલાસ શ્રુતસાગર ગ્રંથસૂચી-૮ | પં.મનોજભાઇ જૈન | હિ. | આ.કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર |
| ૪ | પ્રવચન પ્રદક્ષિણા(જ્ઞાનસાર) | પૂ.દેવરત્નસાગરજી | ગુજ. | શ્રુતજ્ઞાન નિધી ટ્રસ્ટ |
| ૫ | સરસ્વતી ઉપાસના | પૂ.દેવરત્નસાગરજી | ગુજ. | શ્રુતજ્ઞાન નિધી ટ્રસ્ટ |
| ૬ | ગૌતમસ્વામી આરાધના | પૂ.દેવરત્નસાગરજી | ગુજ. | શ્રુતજ્ઞાન નિધી ટ્રસ્ટ |
| ૭ | જય શત્રુંજય(પુનઃમુદ્રણ) | પૂ.દેવરત્નસાગરજી | ગુજ. | શ્રુતજ્ઞાન નિધી ટ્રસ્ટ |
| ૮ | ણમોકાર મંત્ર-મહામંત્ર | મોહનલાલ બોલ્યા | હિ. | મોહનલાલ બોલ્યા |
| ૯ | કોણિકરાજ સામૈયુ(અપ્રગટગ્રંથ) | શ્રી તીર્થત્રયી | સં. | અનુસંધાન - ૫૨ |
| ૧૦ | વ્યુત્પતિવાદ-દ્વિતિયકારક | પૂ.ભવ્યસુંદરવિજયજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૧ | સંબોધ પ્રકરણ | પૂ.રાજશેખરસૂરિજી | સં./ગુજ. | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૧૨ | આવશ્યક નિર્યુક્તિ ભાગ-૧ | પૂ.આર્યરક્ષિતવિજયજી | સં./ગુજ. | પ્રેમસૂરિજી સં.પાઠશાળા |

### લાભ આપશોજી

પૂજ્ય આગમપ્રજ્ઞ શ્રી જંબૂવિજયજી મ.સા. સ્કેન કરાવીને સંકલિત કરાવેલ જુદા જુદા ૧૯ જ્ઞાનભંડારોના ગ્રંથોની પીડીએફ ફાઇલની ડીવીડી અમોને પૂ.પુંડરિકરત્નનિજયજી મ.સા.ના સૌજન્યથી મળી છે.

શ્રી રામસૂરિજી ડહેલાવાળા સમુદાયના પૂ.આ.શ્રી જગતચંદ્રસૂરિજી ની પ્રેરણાથી શ્રી ઉજ્જૈન ખારાકુવા જૈન સંઘના હસ્તલિખિત જ્ઞાનભંડારની પીડીએફ ફાઇલની ડીવીડી અમોને મળી છે.

ઉપરોક્ત બંને ડીવીડી સેટમાં રહેલા ગ્રંથો સંશોધન માટે જરૂર હોય તેઓએ ગ્રંથનુ નામ, કર્તાનું નામ અને સંગ્રહકર્તા જ્ઞાનભંડારની વિગત સાથે લેખિતમાં પત્ર લખવાથી જરૂરવાળા ગ્રંથોની ઝેરોક્ષ નકલ તુરત જ પુરી પાડીશુ તો લાભ આપવા કૃપા કરશોજી.

### જ્ઞાનભંડારો સુવ્યવસ્થિત કરવા અંગે

(૧) સ્વાધ્યાય સંયમનો પ્રાણ છે. જ્ઞાનભંડારો એ તેનું ઉપજીવન છે. સામાન્ય થી સારા જ્ઞાનભંડારોનું આયુષ્ય ૨૦-૨૫ વર્ષ લેખાય છે. બાદ તે ઘણું કરીને અસ્તવ્યસ્ત થયો જ હોય છે. નવા પુસ્તકો ઢેર થાય છે. જુના પુસ્તકો નંબર પ્રમાણે મળતા નથી. ઘણે સ્થાને આ પરિસ્થિતિ ઘણાએ અનુભવી હશે. શ્રુતપ્રેમી મહાત્માઓ શ્રુતભક્તિથી પ્રેરાઇને જ્ઞાનભંડાર વ્યવસ્થિત કરવાનું ખૂબ સુંદર કાર્ય ઉપાડી લેતા હોય છે. જ્ઞાનભંડાર વ્યવસ્થિત કરવાનું કાર્ય ચોક્કસ પદ્ધતિએ થાય એ ઉચિત છે. પૂ.વિદ્વાન મુ.શ્રી ભવ્યસુંદર વિજયજીએ એ માટેની વિસ્તૃત વિગત અમને મોકલી છે. જેઓને પણ તેની આવશ્યક્તા હોય તેઓ અમારી પાસેથી મંગાવી શકે છે.

### શ્રુતજ્ઞાન ક્ષેત્રે વિશિષ્ટ કાર્ય કરતી સંસ્થાઓ માં ઉમેરો

(૧) આ.ૐકારસૂરિજી જ્ઞાનમંદિર : સુરત પ્રેરક આ.વિ.ૐકારસૂરિજી મ.સા.

ઘણા બધા કર્મગ્રંથ, યોગ, ઇતિહાસાદિ વિષયક સુંદર પુસ્તકો પ્રકાશિત કર્યા છે અને સાધુ-સાધ્વીજી ભ.અને જ્ઞાનભંડારોને ભેટ આપે છે. અનુમોદના....

# સરસ્વતીપુત્રોને વંદના

## પૂ.આ.શ્રી જગત્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. (શ્રી રામસૂરિજી ડહેલાવાળા સમુદાય)

(૧) હેમવિભ્રમવૃતિ - ગુણસુંદર સૂરિ વિરચિત અનુવાદ સહિત

## ગણિવર્ય શ્રી તીર્થભદ્રવિજયજી મ.સા. (કચ્છવાગડ કલાપૂર્ણસૂરિજી સમુદાય)

(૧) મદન ધનદેવ રાસ - શ્રી પદ્મવિજયજી વિચરિત
(૨) પગામસજ્ઝાય બાવાવબોધ અવચૂરિ-સ્વાર્થ ટીકા અર્થ નિર્ણય કૌમુદી (શ્રી અજીતપ્રભ સૂરિજી વિરચિત)

## શ્રી હિતવર્ધન વિજયજી મ.સા. (શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) શ્રી ચંદ્રપ્રભ ચરિત્ર - પદ્ય (સંસ્કૃત) પ્રતાકાર
(૨) શ્રી પાર્શ્વનાથ ચરિત્ર - પદ્ય (સંસ્કૃત) પુસ્તક
(૩) શ્રી પ્રબોધ ચિંતામણિ - પદ્ય (સંસ્કૃત)
(૪) ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ-૧,૨,૩,૪ (ગુજરાતી) પદ્ય

## પ.પૂ.અક્ષયચંદ્રસાગરજી મ.સા. (પૂ.આ.સાગરાનંદજી સમુદાય)

(૧) શ્રાધ્ધપ્રતિક્રમણ સૂત્ર - ચૂર્ણિ
(૨) ઉતરાધ્યન સૂત્ર - વિષય વિભાજન યુક્ત

# પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી જન્મશતાબ્દિ નિમિત્તે નજરાણું

## પૂ.આ.જગત્ચંદ્રસૂરિજી મ.સા. તથા તેઓના શિષ્યો તરફથી

(૧) ક્ષેત્ર સ્પર્શના પ્રકરણ ટીકા સહિત — પુનઃમુદ્રણ
(૨) દ્રવ્ય પ્રમાણ પ્રકરણ અવચૂરિ સહિત — પુનઃમુદ્રણ
(૩) ગુરુ ગુણ અમૃતવેલી રાસ — પુનઃમુદ્રણ
(૪) કૃપા રસ કોશ — પુનઃમુદ્રણ

## પૂ.આ.શ્રી અજિતશેખરસૂરીશ્વરજી મ.સા. (પૂ.અભયશેખરસૂરિજીના શિષ્ય)

(૧) સ્વાદ્વાદ મંજરિ — પુનઃમુદ્રણ
(૨) પ્રતિમા શતક — પુનઃમુદ્રણ
(૩) કલ્પસૂત્ર વ્યાખ્યાનો શ્રમણ ભગવંતો — પુનઃમુદ્રણ
(૪) અષ્ટાહ્નિકા વ્યાખ્યાનો શ્રમણ ભગવંતો — પુનઃમુદ્રણ

**નમ્ર વિનંતિ** - પૂજ્ય ગુરૂભગવંતો અને પ્રકાશન સંસ્થાઓએ જે પણ પુસ્તકો-ગ્રંથો નૂતન પ્રકાશિત કર્યા હોય તેઓએ તેની પીડીએફ ફાઇલ સીડી ઉપર કોપી કરીને મોકલવા વિનંતી છે. જેથી તે ગ્રંથની અમો શ્રુતસત્કાર ડીવીડી-૩ અથવા ૪ માં વિષય પ્રમાણે સમાવેશ કરીને બધાજ જ્ઞાનભંડારોને જરૂર મુજબ સ્વદ્રવ્યથી ભેટ આપીશું અને તે બધા જ ગ્રંથો જુદી જુદી જૈન વેબસાઇટ ઉપર ઓનલાઇન પણ મુકીશું જેથી દ્રવ્ય ક્ષેત્ર કાળના બંધન વગર બધાને ભાવપૂર્વક તે ગ્રંથો ઉપલબ્ધ બની શકે.

## શ્રી ભુવનભાનુસૂરિજી જન્મશતાબ્દિ નિમિત્તે પ.પૂ. આ. શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા સેંકડો વર્ષો સુધી ચાલે એવા કિંમતી કાગળો ઉપર પુનઃમુદ્રણ થનારા ગ્રંથો

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા | ટીકાકાર |
|---|---|---|---|
| ૧ | ન્યાયાલોક | મહો. શ્રી યશોવિજયજી | - |
| ૨ | પ્રતિમાશતક | " " | સ્વોપજ્ઞ વૃત્તિ |
| ૩ | ભાષા રહસ્ય | " " | " |
| ૪ | યોગવિંશિકા વૃત્તિ | " " | " |
| ૫ | નિશાભક્તેઃસ્વરૂપતો દુષિતત્વ વિચાર | " " | " |
| ૬ | કૂપ દ્રષ્ટાંત વિશદીકરણ | " " | " |
| ૭ | મહાવીર સ્તવ પ્રકરણ | " " | " |
| ૮ | માર્ગ પરિશુદ્ધિ | " " | - |
| ૯ | નય રહસ્ય | " " | - |
| ૧૦ | શાસ્ત્રવાર્તા સમુચ્ચય વૃત્તિ | " " | - |
| ૧૧ | સામાચારી પ્રકરણ | " " | - |
| ૧૨ | ચતુર્ભંગી પ્રકરણ | " " | - |
| ૧૩ | અધ્યાત્મમત પરીક્ષા | " " | - |
| ૧૪ | અધ્યાત્મસાર | " " | શ્રી ગંભીરવિજયજી |
| ૧૫ | અનેકાંત વ્યવસ્થા પ્રકરણ | " " | |
| ૧૬ | ઉત્પાદાદિ સિદ્ધિ | " " | - |
| ૧૭ | વાદમાલા | " " | - |
| ૧૮ | અસ્પૃશદ્ ગતિવાદ આદિ | " " | - |
| ૧૯ | ઉપદેશ રહસ્ય | " " | - |
| ૨૦ | કર્મ પ્રકૃતિ ચૂર્ણિ | " " | સ્વોપજ્ઞ વૃત્તિ |
| ૨૧ | ગુરૂતત્વ વિનિશ્ચય | સ્વોપજ્ઞ વૃત્તિ -મલયગિરિ સૂરિ કૃત વૃત્તિ સાથે. | શ્રી ગંભીરવિજયજી |
| ૨૨ | જ્ઞાનસાર | " " | સ્વોપજ્ઞ વૃત્તિ |
| ૨૩ | જ્ઞાનાર્ણવ | " " | - |
| ૨૪ | જ્ઞાનબિંદુ | " " | સ્વોપજ્ઞ વૃત્તિ |
| ૨૫ | ધર્મ પરીક્ષા | " " | - |
| ૨૬ | નય રહસ્ય | " " | - |
| ૨૭ | નયોપદેશ | " " | - |
| ૨૮ | અષ્ટ સહસ્રી તાત્પર્ય વિવરણ | " " | - |
| ૨૯ | વૈરાગ્ય કલ્પલતા | " " | - |
| ૩૦ | સ્યાદ્વાદભાષા | શ્રી શુભવિજયજી કૃત | - |
| ૩૧ | દેવધર્મ પરીક્ષા | મહો. શ્રી યશોવિજયજી | - |
| ૩૨ | અધ્યાત્મોપનિષદ્ | " " | - |
| ૩૩ | તત્વાર્થવૃત્તિ | " " | - |
| ૩૪ | જંબૂસ્વામી ચરિત્ર | શ્રી જિનવિજયજી | - |
| ૩૫ | વાસૂપૂજ્ય ચરિત્ર | શ્રી નેમિસૂરિજી | - |
| ૩૬ | આચાર દિનકર | શ્રી વર્ધમાનસૂરિજી | - |
| ૩૭ | જયાનંદ ચરિત્ર | શ્રી પુણ્યવિજયજી | - |

# સૂચનોનો સત્કાર

● આપણો પ્રાચીન શ્રુતવારસો આગમગ્રંથ, નિર્યુક્તિઓ, ભાષ્ય અને ચૂર્ણિ પ્રાકૃતબદ્ધ છે. સંશોધનમાં ચૂર્ણિની ત દ વિગેરે શ્રુતિની પ્રધાનતાનો પણ ખ્યાલ રાખવો જરૂરી છે. મૂળ અર્ધમાગધિ ભાષાની શ્રુતિના જે તે પાઠને જ પ્રધાન રાખીને અન્ય પાઠાંતર નીચે ટીપ્પણમાં નોંધવા જોઇએ.

● પ્રાકૃતના સંશોધન-સંપાદનમાં પ્રાકૃત વ્યાકરણમાં વર્ણવેલ છ એ ભાષાનાં જે તે શાબ્દિક ફેરફારને અવશ્ય ધ્યાનમાં લેવા જરૂરી છે. જે પરથી તેની મૂળ વાચનાનો નિર્ણય થઇ શકે.

● વલભી અને માથુરી વાચનાઓ આપણા માટે આદર્શ રૂપ છે. વર્તમાનમાં પણ શ્રુતપિપાસુ સાધુ ભગવંતોના મીની સંમેલનની અગત્યતા જણાય છે. જે તે વિષયના નિષ્ણાત સાધુ ભગવંતો એકઠા થઇ જ્ઞાન-માહિતિનું આદાન-પ્રદાન કરે... તટસ્થ-સ્વસ્થ ચર્ચા કરે અને તદાધારે પોતાની માન્યતા જણાવે, જેના ઉપર ગીતાર્થ ગુરૂભગવંત યોગ્યાયોગ્યનો નિર્ણય કરે, આ કે આવું કઇંક શ્રીસંઘ અને શાસનના હિતમાં વિચારી શકાય.

● જૈનેતરોમાં 'લક્ષણ સમુચ્ચય' જેવા ગ્રંથો છે. જિનશાસનના પારિભાષિક શબ્દોને, સિદ્ધાંતોને, પદાર્થોને આ રીતે સૂત્ર દ્વારા બાંધવા યોગ્ય જણાય છે. ઉપાધ્યાયજી મ.સા.ના ટીકાગ્રંથોમાં આ પ્રમાણેના ઉદાહરણો જોવાય છે. એનું સંકલન થાય તથા અન્ય પણ નૂતન શાસ્ત્રીય આવિષ્કાર આ પ્રમાણેનો જરૂરી ગણાય.

● પૂજા સંગ્રહમાં સંગ્રહિત પૂજાઓ જે તે કાળે પ્રચલિત શાસ્ત્રીય રાગ-ગીતોમાં રચાયેલી છે... કાળક્રમે એ ભૂલાતા જાય છે, ને ક્યાંક તો એ વિકૃત સ્વરૂપ પણ ધારણ કરી લેતા જોવાય છે. એના ઉપાયરૂપે એ શાસ્ત્રીય રાગોના જાણકાર સંગીતકારો પાસે એ રેકોર્ડીંગ કરાવી લેવા જરૂરી છે. જેથી એ ચિરંજીવ બની શકે.

● વલ્લભીવાચનામાં પૂ.દેવર્ધિગણિ શ્રમાશ્રમણની પ્રેરણાથી શુધ્ધિકરણ થઇને શ્રુતલેખન થયું તે પછી પણ પૂજ્ય મુનિભગવંતો, શ્રાવકો શ્રુતભક્તિથી પ્રેરાઇને સ્વહસ્તે અને લહિયાઓએ પાસે અઢળક ગ્રંથો લખાવ્યા જેની હાર્દિક અનુમોદના. તેઓની ઉદારતા અને મહેનતને લીધે અત્યારે તે પૈકી થોડા ઉપલબ્ધ છે. પરંતુ કાળક્રમે થયેલ પ્રતિલિપિઓમાં જે પણ થોડા ઘણાં અંશે પાઠાંતર-પાઠભેદ થયા હોય તેના શુદ્ધિકરણ માટે એક વાચનાની શું ખરેખર જરૂર નથી લાગતી ? જેમાં બધા જ આગમો તેમજ પ્રકરણ ગ્રંથોને ગીતાર્થ જ્ઞાની ગુરૂભગવંતની નિશ્રામાં ફક્ત "શુદ્ધિકરણ યજ્ઞ" રુપે મીની વાચના થાય તો શાસનનું અગત્યનું કાર્ય થઇ શકે અને ભાવિ પેઢીને શુદ્ધ સ્વરુપે જે તે ગ્રંથો ઉપલબ્ધ બને અને તે માટેના દરેક ગચ્છ સમુદાયમાં રહેલા જ્ઞાની ગુરૂભગવંતોનું એક નેટવર્ક પણ ઉભું કરી શકાય અને યોગ્ય ચર્ચા વિચારણા કરી શકાય.

વિનંતિ : આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજીએ સંપાદન કરેલ પ્રાચીન વિ.સં.૧૧૫૮ નો દેવભદ્રસૂરિ વિરચિત પ્રાકૃતગ્રંથ કથારત્નકોશ, જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી પ્રકાશિત થયેલ. પૂજ્યશ્રીએ જ તેનો પણ અનુવાદ કરેલ, જે ૨ ભાગમાં ઉપરોક્ત સંસ્થા દ્વારા જ અપૂર્ણ પ્રકાશિત થયેલ. અતિમહત્વના આ ગ્રંથના પાછળના થોડા ભાગનું ભાષાંતરણ કરી પ્રકાશિત કરવા યોગ્ય છે. જે માટે વિદ્વાનોને અમારી નમ્ર અરજ છે.

# લિપ્યંતરણ કરી સંશોધન-સંપાદન કરવા યોગ્ય અપ્રગટ ગ્રંથરત્નો

આજે સંશોધન-સંપાદન ક્ષેત્રે ઘણા મહાત્માઓ સુંદર કાર્ય કરે છે.'સરસ્વતીપુત્રોને વંદના' કોલમ દ્વારા અમે તેનું સહર્ષ અભિવાદન કરીએ છીએ. ઘણા પૂજ્યો સંશોધનની રૂચિવાળા હોય છે. લિપ્યંતરણ કરી સંશોધન સંપાદન કરવા યોગ્ય પ્રગટ ગ્રંથોની યાદી આ વિષયના અનુભવીઓને બતાવી છે તથા આ.કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર, કોબાના હાર્દિક સૌજન્યથી આ સાથે રજુ કરી છે. આપશ્રી જેનું સંશોધન કરો તેની વિગત અમને મોકલવા યોગ્ય કરશો, જેથી એક જ ગ્રંથ બેવડાય નહિ. જે કોઇ પણ ગ્રંથ-હસ્તપ્રત સંશોધન માટે જરૂર હોય તો કોબા જ્ઞાનભંડારના નામથી અરજી કરવી અને અમારો સંપર્ક પણ કરી શકો છે. આ યાદીમાં ક્યાંક શરતચૂક હોય તો એ પણ જાણ કરવા નમ્ર વિનંતિ.

| ક્રમ | કૃતિ | કર્તા | ભાષા | રચના વર્ષ | ગ્રંથાગ્ર |
|---|---|---|---|---|---|
| ૧ | આવશ્યકસૂત્ર-લઘુવૃત્તિ ટીકા | પૂ. તિલકાચાર્ય | સં. | વિ.૧૨૯૬ | ૧૨૩૨૫ |
| ૨ | પ્રતિલેખનકાલમાના ગાથા | અજ્ઞાત જૈનશ્રમણ | પ્રા. | - | - |
| ૩ | વંદિત્તુસૂત્ર ચૂર્ણિ | પૂ. વિજયસિંહસૂરિ | પ્રા.-સં. | ૧૧૮૩ | ૪૫૯૦ |
| ૪ | આવશ્યકસૂત્ર-નિર્યુક્તિ-લઘુટીકા | પૂ. તિલકાચાર્ય | સં. | ૧૨૯૬ | - |
| ૫ | પગામસજ્ઝાયસૂત્ર અર્થનિર્ણયકૌમુદીટીકા | પૂ. જિનપ્રભસૂરિ | સં. | ૧૩૬૪ | - |
| ૬ | ચૈત્યવંદનસૂત્ર વિષમપદપર્યાય મંજરી ટીકા | પૂ. અકલંકદેવસૂરિ | સં. | - | - |
| ૭ | યોગશાસ્ત્ર પ્રકાશ ૧ થી ૪ અવચૂરિ | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૮ | નવતત્વ પ્રકરણ ભાષ્ય ટીકા | પૂ. યશોદેવ | સં. | ૧૧૭૪ | - |
| ૯ | આરંભસિદ્ધિ અવચૂરિ | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૧૦ | બૃહદ્ કલ્પસૂત્ર ચૂર્ણિ | અજ્ઞાત જૈનશ્રમણ | પ્રા.-સં. | - | ૧૨૭૦૦ |
| ૧૧ | બૃહદ્ કલ્પસૂત્ર (પ્રા) નિર્યુક્તિ ચૂર્ણિ | અજ્ઞાત જૈનશ્રમણ | પ્રા.-સં. | - | - |
| ૧૨ | બૃહદ્ કલ્પસૂત્ર લઘુભાષ્ય ચૂર્ણિ | અજ્ઞાત જૈનશ્રમણ | પ્રા.-સં. | - | - |
| ૧૩ | કુમારસંભવ-શિશુહિતૈષિણીટીકા | પૂ. ચારિત્રવર્ધન | સં. | - | - |
| ૧૪ | અભિધાનચિંતામણી નામમાલા-અવચૂરિ | પૂ. સાધુરત્નસૂરિ | સં. | - | - |
| ૧૫ | નવસ્મરણ-સપ્તસ્મરણ ટીકા | પૂ. હર્ષકીર્તિસૂરિ | સં. | - | - |
| ૧૬ | પાર્શ્વજિન ચરિત્ર | પૂ. દેવભદ્રાચાર્ય | પ્રા. | ૧૧૬૮ | ૧૮૬૭ |
| ૧૭ | જ્યોતિષસાર-યંત્રકોદ્ધાર ટિપ્પણ | પૂ. સાગરચંદ્રસૂરિ | સં. | - | - |
| ૧૮ | ગુણાનંદચૂડામણિ નિગમ | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૧૯ | કલ્યાણમંદિર સ્તોત્ર ટીકા | પૂ. ગુણરત્નસૂરિ | સં. | - | - |
| ૨૦ | કલ્યાણમંદિર સ્તોત્ર સૌભાગ્યમંજરી ટીકા | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | ૩૪૬ |
| ૨૧ | અનર્ઘરાઘવ ટિપ્પણ | પૂ. નરચંદ્રસૂરિ | સં. | - | ૨૪૦૦ |
| ૨૨ | ભક્તામર સ્તોત્ર સુખબોધિકા ટીકા | પૂ. અમરપ્રભસૂરિ | સં. | - | - |
| ૨૩ | અષ્ટપ્રવચનમાતા કથા સંગ્રહ | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૨૪ | બૃહત્ક્ષેત્રસમાસ નવ્ય | પૂ. સોમતિલકસૂરિ | પ્રા. | ૧૩૭૩ | ૩૮૭ |
| ૨૫ | બૃહત્ક્ષેત્રસમાસ નવ્ય (સં) અવચૂરિ | પૂ. ગુણરત્નસરિ | સં. | - | - |
| ૨૬ | દશવૈકાલિકાસૂત્ર(સં) શિષ્યબોધિની ટીકા | પૂ. રત્નશેખરસૂરિ | સં. | - | - |

| ક્રમ | કૃતિ | કર્તા | ભાષા | રચના વર્ષ | ગ્રંથાગ્ર |
|---|---|---|---|---|---|
| ૨૭ | સૂર્યશતક-અવચૂર્ણિ | પૂ.મુનિચંદ્રસૂરિ-શિષ્ય | સં. | - | - |
| ૨૮ | ઘટખર્પ્પર કાવ્ય અવચૂરિ | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૨૯ | અજિતશાંતિ સ્તવ.ટીકા | પૂ.ગોવિંદાચાર્ય | સં. | - | - |
| ૩૦ | ધર્મોપદેશશતક | પૂ.મેરુતુંગસૂરિ | સં. | - | ૭૪૮ |
| ૩૧ | ધર્મોપદેશશતક-સ્વોપજ્ઞ ટીકા | પૂ.મેરુતુંગસૂરિ | સં. | - | ૩૨૭૪ |
| ૩૨ | સિદ્ધાંતસારોદ્ધાર દેવતત્વસ્થાપનાઅધિકાર | કમલસંયમ | પ્રા/મા/ગુ/સં | - | - |
| ૩૩ | કામદેવ ચરિત્ર | પૂ.મેરુતુંગસૂરિ | સં. | - | ૭૪૮ |
| ૩૪ | પાર્શ્વજિન સ્તુતિ-જીરાવલા | પ્રતિષ્ઠાકલ્યાણ | સં. | ૧૫૨૪ | - |
| ૩૫ | શાશ્વતજિનભવન સ્તોત્ર | પૂ.જયસિંહસૂરિ | પ્રા. | - | - |
| ૩૬ | પાર્શ્વજિન સ્તવન-જિરાવલા | પૂ.જયશેખરસૂરિ | પ્રા. | - | - |
| ૩૭ | દુરિઅરયસમીર સ્તોત્ર ટીકા | સાધુસોમ | સં. | ૧૫૧૯ | - |
| ૩૮ | નમસ્કાર મહામંત્ર કથા સંગ્રહ | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૩૯ | દેવપૂજાફળ કથાસંગ્રહ | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૪૦ | મલયાસુંદરી કથા | અજ્ઞાત જૈનશ્રમણ | પ્રા | - | ૧૨૦૩ |
| ૪૧ | પ્રશ્ન સંગ્રહ | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૪૨ | નરવર્મરાજ ચરિત્ર | વિવેકસમુદ્ર | સં. | ૧૩૨૪ | ૫૪૨૪ |
| ૪૩ | નમિઉણ સ્તોત્ર - અભિપ્રાયચંદ્રિકા ટીકા | પૂ.જિનપ્રભસૂરિ | સં. | ૧૩૬૫ | ૩૦૦ |
| ૪૪ | પાર્શ્વજિન સ્તવન-જિરાપલ્લી | પૂ.દેવસુંદર | પ્રા | - | - |
| ૪૫ | ભાવના સંધિ પ્રકરણ | પૂ.જયદેવસૂરિ | પ્રા | - | - |
| ૪૬ | તપોરત્નમાલિકા | પૂ.સુમતિસિંહસૂરિ-શિષ્ય | પ્રા | - | ૭૦ |
| ૪૭ | પંચસૂત્ર - અવચૂરિ | ઉદયકલશ | સં. | - | - |
| ૪૮ | વિક્રમાદિત્ય પંચદંડ પ્રબંધ | પૂ.પૂર્ણચંદ્રસૂરિ | સં. | - | ૪૦૦ |
| ૪૯ | કાતંત્રવ્યા.-દૌર્ગસિંહીવૃ.-દુર્ગપદપ્રબોધવૃત્તિ | પૂ.લેશપ્રબોધમૂર્તિ | સં. | ૧૩૨૮ | ૨૬૪૪ |
| ૫૦ | ઉકેશવંશ વર્ણન | અજ્ઞાત જૈનશ્રમણ | સં. | - | - |
| ૫૧ | જિનશતક-પંજિકા ટીકા | પૂ.શાંબમુનિ | સં. | ૧૦૨૫ | ૧૫૫૦ |
| ૫૨ | પર્યતારાધના અવચૂરિ | પૂ.વિનયરાજ | સં. | - | - |
| ૫૩ | વિદ્યાનંદ વ્યાકરણ | પૂ.વિદ્યાનંદસૂરિ | સં. | ૧૪ મી | - |
| ૫૪ | વિદ્યાનંદ વ્યાકરણ-સ્વોપજ્ઞ-લઘુવૃત્તિ | પૂ.વિદ્યાનંદસૂરિ | સં. | ૧૪ મી | - |
| ૫૫ | આત્મશિક્ષા પ્રકરણ | અજ્ઞાત જૈનશ્રમણ | પ્રા. | - | ૧૦૦ |
| ૫૬ | સમ્યક્ત્વરહસ્ય પ્રકરણ | પૂ.સિદ્ધસેનસૂરિ | પ્રા. | - | ૯૨ |
| ૫૭ | ઉત્તરાધ્યનસૂત્ર લેશાર્થ દિપીકા ટીકા | અજ્ઞાત જૈનાચાર્ય | સં. | - | - |
| ૫૮ | બૃહદ સંગ્રહણી વૃત્તિ | પૂ.હેમસૂરિજી | સં. | - | - |
| ૫૯ | ષષ્ટિશતક પ્રકરણ ટીકા | પૂ.ધવલચંદ્ર શિષ્ય | સં. | - | ૧૬૧ |

## At Last... આવજો... फिर मिलेंगे ।....

'અહો શ્રુતજ્ઞાનમ્' ચાતુર્માસિક માસિક દ્વારા છેલ્લા બે વર્ષથી એકમાત્ર શ્રુતભક્તિથી પ્રેરાઇને શ્રુતજ્ઞાનને લગતી ઘણી બધી બાબતો જેવી કે નૂતન પ્રકાશનો, સંશોધન-સંપાદન-પુનઃર્મુદ્રણ થઇ રહેલ પુનમુદ્રણ કરવા યોગ્ય ગ્રંથો, અપ્રગટ ગ્રંથરત્નો આદિ ૯ અંક દ્વારા અમે રજુ કરી છે, જેમાં ઘણા પૂજ્ય ગુરૂભગવંતોએ અમને માહિતિ-સૂચના-પ્રેરણાદિ કરવા દ્વારા હૂંફ અને ટેકો આપ્યો છે. તે નામી-અનામી સૌ પૂજ્યોના અમે અંતરથી ઋણી છીએ અને ભવિષ્યમાં પણ સહુની સહાય અને સદ્ભાવની અપેક્ષા રાખીએ છીએ. અમે અમારી સમજણ અનુસાર જે વિગતો રજૂ કરી તેનાથી કોઇનો પણ અવિનય-અવિવેક કે મન-દુઃખ થયું હોય, જિનાજ્ઞા વિરુધ્ધ કંઇ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિદુક્કડમ્ માંગીએ છીએ.

- શ્રુતજ્ઞાન સંબંધી સહુને ઉપયોગી એવી કોઇ પણ પ્રકારની માહિતિ આપશ્રી શેષકાળ દરમ્યાન પણ અમને મોકલવા કૃપા કરશો જેથી સંવત-૨૦૬૭ ના આગામી ચાતુર્માસમાં તે પ્રકાશિત કરશું.
- આશાપૂરણ જ્ઞાનભંડાર દ્વારા અભ્યાસોપયોગી પુસ્તક-પ્રતો આપને ક્ષેત્ર અને કાળના બંધન વગર ઉદારતાપૂર્વક ઉપલબ્ધ કરાવવા પૂર્ણ પ્રયત્ન કરીશું તો જરૂરથી લાભ આપશોજી.
- બે વર્ષ દરમ્યાન ૫૪ + ૩૬, કુલ ૯૦ જેટલા પ્રાયઃ અપ્રાપ્ય મુદ્રિત પુસ્તકોને સ્કેન કરાવીને જ્ઞાનદ્રવ્યની સહાયથી ભારતભરના સીલેક્ટેડ ૧૫ ઉત્તમ જ્ઞાનભંડારોને ભેટરૂપે મોકલાવેલ છે. અન્ય સંઘોને પણ જ્ઞાનદ્રવ્યથી તે પુસ્તકો મળી શકશે. તથા એ પુસ્તકોની ડીવીડી જેઓને જરૂર હોય તેઓને સ્વદ્રવ્યથી ભેટ આપશું. લેખિત સંપર્ક કરવો.
- જે સંઘોને ત્યાં હસ્તલિખિત સાહિત્ય પડ્યું હોય અને તેને સ્કેન કરાવી સુરક્ષિત કરવું હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.
- અન્ય સ્વાધ્યાયોપયોગી ગ્રંથોની ડીવીડી જે પૂજ્યો દ્વારા અમને મળી છે, તેની કોઇને પણ આવશ્યક્તા હોય તો અમારો લેખિત સંપર્ક કરી શકે છે, તેની વિગત અમે અંક ૫ માં છાપી છે.

---

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩